## વડીલોને વંદન
## અભિનંદન



મોહનભાઈ એસ. વાળંદ
(૧૯૨૮)ફોન. ૨૩૨૨૧૪૩૫

## ઘાયલ પક્ષીઓ માટે મુકિતધામ ખાતે સારવાર કેન્દ્ર

ગાંધીનગર, તા.૯

ઉત્તરાયણ પર્વ દરમિયાન ઘાયલ થયેલા પક્ષીઓને તાત્કાલિક રાહે સારવાર મળી રહે તે માટે જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા સે-૩૦ના સ્મશાનગૃહ મુકિત ધામ ખાતે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ વ્યવસ્થાનો ઉપયોગ કરી ઘાયલ થયેલા પક્ષીઓનો જીવ બચાવવાનું પુણ્ય કાર્ય કરવા દરેક નાગરિકોને જુસિકા દ્વારા અનુરોધ કરાયો છે. આ વ્યવસ્થામાં દરેક પ્રકારની સારવારની સગવડ કરાઈ હોઈ ઘાયલ પક્ષીને સત્વરે મુકિતધામ ખાતે પહોંચાડવા જેથી સત્વરે સારવાર આપી તેનો જીવ બચાવી શકાય તે માટે વિનંતી કરવામાં આવી છે.

# ભારતના પ્રયત્નોને દ્રઢીભૂત કરવાનું જ્ઞાન-સ્ત્રોત ઉપલબ્ધ : હામિદ અંસારી

### પ્રવાસી ભારતીય દિવસ સમાપન કાર્યક્રમ પ્રસંગે વ્યક્તિ વિશેષોને પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડ એનાયત થયા

ગાંધીનગર, તા.૦૯

ઉપરાષ્ટ્રપતિ એમ. હામિદ અન્સારીએ પ્રવાસી ભારતીય દિવસ પ્રસંગે જણાવ્યું છે કે પ્રવાસી ભારતીયો પાસે ચાવીરૂપ ક્ષેત્રોમાં ભારતના પ્રયત્નોને દ્રઢીભૂત કરવા માટેનું જ્ઞાન અને સ્તોત્ર ઉપલબ્ધ છે. આજે ગાંધીનગરમાં માહાત્મા મંદિર ખાતે ૧૩માં પ્રવાસી ભારતીય દિવસનાં સમાપન સમારોહને સંબોધતા એમણે આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે અન્સારીએ ૧૫ બિન નિવાસી ભારતીય વ્યકિતવિશેષોને પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડથી સન્માન્યા હતા. એમણે જણાવ્યું કે પ્રવાસભારતીયો દુનિયાના વિવિધ ખુણે પોતે પાતોના પંસદગીના ક્ષેત્રોમાં યોગદાન આપી ભારત અને ભારતીયોની કીર્તિ ફેલાવી રહ્યા છે જુદી જુદી જગ્યાઓએ વસતા તેઓને વખત પ્રત્યેનો પ્રેમ, સાંસ્કૃતિક વારસો અને પરંપરાની સમાન દોરી એક તાંતણે બાંધે છે. એમણે એવોર્ડ વિજેતાઓને અભિનંદન આપતા જણાવ્યું કે સમાજ પ્રત્યેના એમના પ્રદાનથી આપણે સૌ એમના આભારી છીએ. તેમના ઉદાહરરૂપ કાર્યોથી તેઓ ભારત અને તેઓ જે દેશમાં વસે છે. તેમની વચ્ચે શાંતિ અને સહકારના દૂત બની રહ્યા છે.

પ્રવાસી ભારતીયો પોતાના માદરે વતનમાં ઈન્ફર્મેશન ટેકનોલોજી, હેલ્થકેર, ઉર્જા, ખનિજ સ્ત્રોત, રિટેઈલ, હોસ્પિટાલિટી, ઝવેરાત વગેરે ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરી આર્થિક વિકાસને વધારનારા પણ બની રહ્યા હોવાનું અન્સારીએ જણાવ્યું હતું. ઉદારીકરણની સતત ચાલતી પ્રક્રિયા અને નવી સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાં અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રોમાં પ્રવાસી ભારતીયોની ભાગીદારીને વેગ આપશે એવી આશા એમણે વ્યક્ત કરી હતી. ભારત પરિવર્તનના આરે આવીને ઉભો છે. વિશ્વમાં પોતાનું સ્થાન વધુ મજબુત કરવા ભારતને વધુ સારા શિક્ષણ,આરોગ્ય અને સામાજિક પરિણામો સાથેના આર્થિક વિકાસની જરૂર છે આને માટે સમાજના તમામ વર્ગોના સૂમૂહિક પ્રયત્નો આવશ્કય છે અને સાથે સાથે કેન્દ્ર એ રાજય સ્તરે સરકારે સબળ નેતૃત્વ પુરું પાડવાની જરૂર છે. અને તેઓ તે પૂરી પાડી રહ્યા છે. આ અભિયાનમાં પ્રવાસી ભારતીયો અગત્યની ભુમિકા ભજવા શકે એમ છે.



પ્રવાસી ભારતીય દિવસ સમારોહમાં ભાગ લેવા પહોંચેલ દેશના ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારીનું અમદાવાદ એરપોર્ટ પર મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

## બંધ હિંસક બની જશે તો સરકાર જવાબદાર હશે : શંકરસિંહ વાઘેલા

નવીદિલ્હી, તા. ૯

વિદ્યાનસભ કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે ગામડા બંધનું એલાન આપ્યું છે. પણ ભાજપ તેમાં અડચણો ઉભી કરીને હિંસક ન બનાવે. બંધ હિંસક રહેશે તો તેની જવાબદારી ભાજપ સરકારની રહેશે. અર્થતંત્રનો પાયો ખેતી, ખેડુતની આવક પર છે. કેન્દ્રમાં કોંગ્રેસની સરકારે ૧૦ વર્ષમાં ખેડુતોને ફાયદા થાય તે રીતે અનેક પગલાં લીધા અને ખેત પેદાશોના ટેકાના ભાવો સમયસર યોગ્ય આપીને ખેડુતોની પુરતી કાળજી લીધી. પણ ભાજપ સરકાર છ મહિનામાં ખેડુતોને નુકસાન થાય તેવા પગલાં ભરી રહી છે.ઉત્સવો અને તાયફોડમમાં કરોડો રૂપિયાનો ખર્ચ પ્રજા માટે મુશ્કેલીમાં વધારો કરશે. છેલ્લા ધણા દિવસથી લારી-ગલ્લા અને પાથરણા વાળા અને રીક્ષાવાળાને સલામતીના નામે તેમની રોજગારી છીનવી લીધી છે. અનેક રસ્તાઓ બંધ કરીને પ્રજાની તકલીફમાં વધારો કર્યો છે. મહાત્મા મંદિર અવ્યવસ્થા અને અવદશાનું પ્રતિક બની ગયું છે.

## પતંગોત્સવની સાથે સાથે...

- આંતરરાષ્ટ્રીય પતંગમહોત્સવમાં જુદા જુદા દેશોના પતંગબાજો અને સ્થાનિક પતંગબાજો ભાગ લેશે
- ૧૦મીએ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે જ મુખ્યમંત્રી આનંદીબેન આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું ઉદ્‌ઘાટન કરશે
- આનંદીબેન અન્ય સુવિધાઓની મુલાકાત લેશે
- આ વર્ષે પતંગોત્સવને લઇને તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરાઈ
- રાજયના પતંગબાજોની સાથે સાથે દેશવિદેશના પતંગબાજો પણ કુશળતા સાબિત કરશે
- આવતીકાલે ૨૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા સુર્યનમસ્કાર સ્વરૂપે અંગ કસરતના કરતબો રજુ કરાશે
- આ વર્ષે પણ પતંગની થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાશે
- મુખ્યમંત્રી સવારે નવ વાગ્યે વિધિવતરીતે ઉદ્‌ઘાટન કરશે
- પતંગબાજોના ઉત્સાહને વધારવા આનંદીબેન પોતે ઉપસ્થિત રહેશે
- થીમ પવેલિયન અને અન્ય સુવિધાઓની મુલાકાત લેશે
- કાર્યક્રમમાં ભાગવત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા આદિત્ય સ્તુતિ પ્રસ્તુત કરાશે
- દર વર્ષની જેમ જ આ વર્ષે પણ ખાસ આયોજન કરાયુ છે
- રિવરફ્રન્ટ ગ્રાઉન્ડ પર દેશ વિદેશના પતંગબાજો ઉમટી પડશે
- નગરજનોને ઉપસ્થિત રહેવાનું પણ આમંત્રણ અપાયુ
- પતંગ ઉત્સવને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા
- છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તૈયારીઓ પરિપૂર્ણ કરાઈ
- રંગબેરંગી અને જુદા જુદા પતંગોનું આકર્ષણ

## આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ

### સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોટી સંખ્યામાં દેશ વિદેશના પતંગબાજો પહોંચશે
### ૨૦૦૦ બાળકો દ્વારા સૂર્યનમસ્કાર :સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી

અમદાવાદ, તા.૯

જેની ઉત્સુકતાપૂર્વક પતંગબાજો પણ રાહ જોઈ રહ્યા છે તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો આવતીકાલથી પ્રારંભ થનાર છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સવારે ૯.૦૦ વાગ્યે ઉદ્‌ઘાટન કરશે. આ વર્ષે પતંગ મહોત્સવને લઈને વિશેષ ઉત્સાહ છે. રિવરફ્રન્ટ ખાતે થીમ પવેલિયન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ પતંગમહોત્સવની સાથે સાથે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અનેક આકર્ષણો રાખવામાં આવ્યા છે જેમાં આદિત્ય સ્તુતિ, સૂર્યનમસ્કાર, થિમ પવેલિયનનો સમાવેશ થાય છે. સાબરમતી નદીના કિનારે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ પર્વે ૨૦૦૦ બાળકોનો સૂર્યનમસ્કારનો અભિનવ કાર્યક્રમ રહેશે. રિવરફ્રન્ટ ઉપર પતંગોત્સવને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગ દ્વારા દર વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને દેશ વિદેશના લોકો આ ઉત્સવમાં સહભાગી બને છે. ગુજરાતના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં માત્ર દેશના જ નહીં બલકે વિદેશના પ્રવાસીઓ આકર્ષિત થાય છે. પતંગોત્સવમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં વિદેશીઓ પહેલાથી જ આવી પહોંચ્યા છે. ગુજરાતમાં પતંગ ઉત્સવનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ આયોજન થતા આ દિવસો દરમ્યાન રાજ્યમાં વિદેશ પ્રવાસીઓની સંખ્યામાં સારો એવો વધારો જોવા મળે છે. રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગના આ પ્રકારના સફળ આયોજનથી રાજ્યનું અર્થતંત્ર પણ વધુ મજબુત બન્યું છે એટલું જ નહીં પતંગ બનાવીને પોતાનું ગુજરાન ચલાવનાર ધંધાર્થીઓની પણ આર્થિક સ્થિતિ સુધરી છે અને અન્ય આનુષંગિક રોજગારીની તકોમાં પણ વધારો થયો છે. પતંગોત્સવમાં રાજયના પતંગબાજો સાથે દેશ વિદેશનાં પતંગબાજો પણ પોતાનું કૌશલ્ય ઝળકાવશે. આ પતંગ ઉત્સવના ભાગરૂપે આજે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે થીમ પેવેલીયનનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ અને કાર્યક્રમો રજુ કરાયા હતા. મુખ્યમંત્રી થીમ પેવેલીયનની અને અન્ય સુવિધાઓની મુલાકાત લેશે. સૂર્યની સ્તુતિની સાથે ૨૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા સૂર્યનમસ્કાર સ્વરૂપે અંગ કસરતના કરતબો રજુ કરાશે.

## તલોદ કોલેજમાં યુ.જી.સી. પ્રેરિત સંસ્કૃત વિષયનો રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ સંપન્ન

તલોદ, તા.૯

તલોદની એ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજમાં તાજેતરમાં યુ.જી.સી. પૂના પ્રેરિત અને કોલેજના સંસ્કૃત વિભાગના સંયુકત ઉપક્રમે સંસ્કૃત વિષયના 'મહાકવિ કલીદાસના જીવન અને સર્જનની પ્રસ્તુતા' અંગેનો રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં ઉદઘાટક તરીકે રાજસ્થાન યુનિવર્સિટીના પ્રોફેસર નિવાસન ઐયરે ખાસ ઉપસ્થિત રહીને દીપ પ્રાગટય કરી પરિસંવાદને ખુલ્લો મુકતા કહ્યું હતું કે કોલેજના ગામડાની અંતરિયાળ વિસ્તારમાં આ પ્રકારનો અને વિશ્વ કવિનો પરિસંવાદ યોજાય એ ખરેખર સરસ્વતીની સાધના દર્શાવનારી ઘટના છે. કવિ કાલીદાસ માત્ર ભારતના જ નહી પરંતુ વિશ્વ સાહિત્યમાં સ્થાન પામનાર અદ્વિતીય કવિના સર્જનમાં આજના ગ્લોબલાઈઝેશનના સમયમાં જન્મેલી અનેક સામાજિક, ધાર્મિક, રાજકીય, પર્યાવરણીય વિષમતા ઓમાંથી કેવી રીતે બચી શકાય અને સ્વધર્મના પાલન થકી માનવ જીવન મૂલ્યોનું રક્ષણ નવી પેઢીમાં કઈ રીતે મૂકી શકાય એ અંગે એમણે કાલીદાસના સમગ્ર સર્જન કૃતિઓની સદષ્ટાંત ચર્ચા દ્વારા પ્રસ્તુતતાને પ્રગટ કરી આપી હતી.

સંસ્થાના આચાર્ય ડૉ. જગદીશ પટેલે ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું મોમેન્ટો-પુષ્પગુચ્છથી આવકાર આપતાં કહ્યું હતું કે ૨૦૦૦ હજાર વર્ષ પછી પણ મહાકવિ કાલીદાસના સર્જન સાહિત્ય ઉપર વિદ્વતજનોને વારે વારે આરોહણ કરવાનું મન શા માટે થાય છે? એવું કયું જીવાનુભૂત તત્વ છે કે અભ્યાસીઓને રસ સંતૃપ્ત કરવા પ્રેરે છે? એવો વેધક મુદ્દો ઉઠાવીને ચર્ચાને વધુ સઘન અને ફળદાયી બનાવવા અનુરોધ કર્યો હતો.

આ પરિસંવાદમાં મહાકવિ કાલીદાસના સમગ્ર સર્જનની આજના સંદર્ભે તે ગ્રંથોની રહેલી પ્રસ્તુતતા-પ્રાસંગિકતા ઉપર મનનીય પ્રવચનો થયા હતાં. જેમાં એમ.એસ. યુનિ., વડોદરાના સંસ્કૃત વિભાગ અધ્યક્ષ ડૉ. રવિન્દ્રકુમાર પાન્ડાએ 'કાલીદાસના રઘુવંશ'માં પ્રગટ થતાં કાવ્ય સૌંદર્ય અને જીવન સૌંદર્યની ચર્ચા કરી હતી. તો રાજકોટ યુનિ.ના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રકુમાર ચોટલિયાએ મહાકવિ કાલીદાસ અને શાકુન્તલ દ્વારા પ્રગટતા જીવનબોધની સાર્થકતાને પ્રગટ કરી આપી હતી. સરદર પટેલ યુનિ., વિદ્યાનગરના પ્રોફે ડૉ. નિરંજન પટેલે મહાકવિ કાલીદાસને સમગ્રતાના કવિ તરીકે આજના સંદર્ભે મૂલવી આપ્યા હતાં. ડૉ. ઉર્વીબેન દવેએ મેઘદૂતમાં મિથક અને પ્રોફેસર વર્ષાબેન દવેએ 'કુમારસંભવ'ના સુકિત રત્ન તથા પ્રોફેસર કાલીદાસ નિનામાએ કાલીદાસના ઉપમા અલંકારોથી પ્રગટતા કાવ્ય સૌંદર્ય માટેની મીમાંષા કરી હતી.

## શબ્દાવલી - ૫૬૧૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ■ | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | ૮ | |
| ૯ | | | | | ■ | | ■ |
| | ■ | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ |
| ૧૩ | ૧૪ | ■ | ■ | ૧૫ | | | |
| ■ | ૧૬ | ૧૭ | | ■ | | ■ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ■ | |
| ૨૦ | | | | ■ | ૨૧ | | |

### આડી ચાવી

૧. ભાવુક, ભાવનાશાળી (૬)
૬. એક દર્દ (૨)
૭. વિજેતા (૩)
૯. પૃથ્વીની આસપાસ રહેતું વાયુનું આવરણ (૫)
૧૦. રેતીનું મેદાન (૨)
૧૧. છુટ્ટો લાડુ, એક વાનગી(૩)
૧૩. કાચનો રકાબી સાથેનો પ્યાલો (૨)
૧૫. રગ ચોંટી જાય તે (૪)
૧૬. નડતર, પીડા કે ઉપાધિ(૩)
૧૮. કોઇકની વાત સંભાળતો હોઇ એ તો... ભણવો પડે (૩)
૧૯. હવા ફેંકનું યાંત્રિક સાધન(૨)
૨૦. એકદમ સ્વચ્છ કે કોરો(૪)
૨૧. ગણિતનો હિસાબ મંડાવે તે આંકડો (૩)

### ઊભી ચાવી

૧. બોજ વહન કરનાર સાધન (૫)
૨. જજને નામદાર કે... પણ કહેવાય (૫)
૩. પ્રસારીત કરવું તે (૪)
૪. જૂની નહી તેવી (૨)
૫. નૂર, તેજ (૨)
૮. ધૃણાભાવ (૪)
૧૧. ચાડી-ચુગલી કરનાર ભક્ત (૫)
૧૨. મજુર-કારીકર વર્ગનો અગ્રણી (૫)
૧૪. આંખ ઝપકાવવી તે (૪)
૧૭. ઢ્રેક, એક વસ્ત્ર (૩)
૧૮. ચુંગી, ચલમ (મોટી) (૨)

### શબ્દાવલી ૫૬૧૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગોલકીપર (૪) ખાખી (૬) જાગરણ (૮) પાલીતાણા (૯) લવો (૧૦) સતી (૧૨) ડીલ (૧૫) કર્જ (૧૬) લઘરવઘર (૨૦) ટંકાર (૨૧) કરામત (૨૪) રણકો

**ઊભી ચાવી :-** (૧) ગોળ પાપડી (૨) કીરતાર (૩) રજા (૪) ખારવો (૫) ખીણ (૭) ગલતી (૧૧) ફર્જ (૧૩) લલકાર (૧૪) ભાર (૧૫) કરમ (૧૭) ધરણા (૧૮) વક (૧૯) ઘરાક (૨૨) તપ

## ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોંગ્રેસ દ્વારા બંધનું એલાન

અમદાવાદ, તા.૦૯

રાજયમાં ખેડુતોને ખેત પેદાશો પોષણક્ષમ ભાવો મળતા નથી. ખેડુતો હેરાન-પરેશાન છે. રાજયમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઈ છે. ત્યારે રાજયના નાગરિકની સમસ્યા ઉકેલવાને બદલે ઉત્સવો અને તાયફોમાં કરોડો રૂપિયાની વેડફાઈ રહ્યા છે.

ત્યારે પ્રજાનો અવાજ ભાજપના શાસકોના કાને પડે તે માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં બંધનું એલાન તા. ૧૦ મી જાન્યુઆરી શનિવારે રોજ આપેલ છે. તેમાં જોડવવા માટે અપીલ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ સંયુકત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે અચ્છે દિનના વાયદા આપીને સત્તા મેળવનાર ભાજપ સત્તમાં આવ્યા બાદ પ્રજાને ભુલી ગયેલ છે. ખેડુતો, બેરોજગારો, મહિલાઓ, નાના વેપારીઓ સહીત અનેક લોકો રાજય સરકારની ખોટી નીતિથી હેરાન-પરેશાન છે તેઓ આવતી કાલે ગુજરાતના ગ્રામ્ય વિસ્તાર બંધમાં જોડાઈને સ્વયંભુ બંધ પાળશે. તમામ તાલુકા અને જિલ્લાઓમાંથી કોંગ્રેસ પક્ષના બંધના એલાન ને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારે ૧૪ કલાક વીજળીનું વચન આપ્યું હતું. પણ આજે ખેડુતોને આઠ કાલક પણ વીજળી મળતી નથી. વીજળી જે મળે છે તે પણ રાત્રીના સમયે આપવામાં આવે છે. ખેડુતોને સિચાઈનું પાણી મળતું નથી. સાડા છ લાખ ખેડુતો અરજી કાર્યને વર્ષો થયા છતાં વીજ કનેકશનો મળતા નથી. ઉધોગપતિઓમે મફતમાં વીજ કનેકશન અને વીજ ડ્યુટીમાં માફી મળે છે જયારે ખેડુતો પાસે વીજ કર વધુ વસુલાય છે. ભારતીય કિસાન સંઘ ભાજપ સરકારનું પગારદાર હોવીથી ખેડુતો સાથે વિશ્વાસસઘાત કર્યો છે. સમગ્ર વર્ષ દરમિયાન યુરિયા સહિતના ખાતરની અછત હોવા છતાં ખેડુતોના હિતમાં ભાજપે કોઈ પગલા બર્યા નહિ. ઉલટાનું ભાજપના મળતિયાઓ ખાતર કાળા બજાર કરીને ખેડુતોને લૂટે છે.વડાપ્રધાન બનવા માટે જુદા જુદા ઉધોગપતિઓના લીધેલા સહારાની ઋણ ચુકવણીયોજના પેટે મોદી સરકાર હાલ પગલા ભરી રહી છે. કેન્દ્રીય કોંગ્રેસની સરકામાં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ખેડુતોની વિશેષ ચિંતા કરીને જમીન સંપાદકમાં યોગ્ય વળતર સાથે ખેડુત હિતનો કાયદો બનાવ્યો હતો.

### તમામ પોસ્ટ ઓફિસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહીત કુલ ૪૨ પોસ્ટ કચેરીઓમાં એટીએમ સેવા શરુ કરાશે. પોસ્ટ કચેરીઓમાં પોસ્ટ શોપ શરુ કરવામાં આવશે. જેમાં એન્વલેપ ઉપરાંત સ્ટેશનરી પણ મળશે. ગ્રાહકોને ગ્રીટીંગ કાર્ડસ પણ પોસ્ટ ઓફીસમાંથી જ મળશે. જયારે અન્ય પ્રકારની પાર્સલ સેવા પણ ઉપલબ્ધ કરવામાં આવશે. પોસ્ટ કચેરી સિવાયના અન્ય કામો પણ થઈ શકશે. પોસ્ટ કચેરીઓમાં આવતા મુલાકાતીઓ માટે ઈ-કોમર્સ પોર્ટસ શરુ કરાશે. જયારે ગ્રાહકો તેના માધ્યમથી ઓનલાઈન ખરીદી પણ કરી શકશે. પોસ્ટ કચેરીઓમાં ચોકલેટ, ટેલીકોમ પ્રોડકટસ, ખાદી ગ્રામ ઉદ્યોગ ઉપરાંત અન્ય ચીજવસ્તુઓ પણ મળી રહે તે માટે અન્ય કંપનીઓ સાથે પણ ટાઈઅપ કરવામાં આવશે. વાઈબ્રન્ટ ટ્રેડ શો માં આ અદ્યતન પોસ્ટ કચેરીનું મોડેલ પણ તૈયાર કરાયું છે.

### ભારતને...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતમાં સંકલિત વિકાસ થવો જોઈએ તેવો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, ભારતમાં શહેરોને પણ મહત્વ મળવું જોઈએ. ગામડાઓની ઉપેક્ષા ન થઈ શકે. કેન્દ્રિય ગૃહમંત્રીએ ઉમેર્યુ હતું કે, તંદુરસ્ત લોકશાહી અને સૌના સાથ સહકારથી વિકાસ થવો જોઈએ. પ્લાનિંગ કમીશન દ્વારા પહેલા માત્ર કેન્દ્રમાંથી જ આયોજન થતું હતું. પરંતુ હવે પ્લાનિંગમાં રાજ્યો પણ તેમનું યોગદાન આપી શકે તે માટે નીતિ આયોગની રચના કરવાનો નિર્ણય કરાયો છે. આ કલેક્ટીવ વિઝડમની વિશેષતા એ છે કે તેમાં મતભેદ હોઈ શકે છે, પરંતુ મનભેદ નહીં હોય. આજે કેન્દ્ર અને રાજ્યો એક સાથે આગળ વધી રહયાં છે અને લોકોની અપેક્ષા પૂર્ણ કરી રહયાં છે.

### મહેમાનોને ઈજન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે મહાત્મા મંદિરમાં આજે ગુજરાત સહિત દેશના નવ રાજયોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પોતાના ઉદ્દબોધનમાં ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કહ્યું હતું કે ગુજરાતના વિકાસ માટે સ્માર્ટ સ્કીલ, સ્માર્ટ એનર્જી, સ્માર્ટ ઈકોનોમિ, સ્માર્ટ ગવર્નન્સ અને સ્માર્ટ હ્યુમન રિસોર્સિસને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે. ભારતના વિકાસમાં ગુજરાતના વિકાસની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી તેમણે કહ્યું હતું કે બિન નિવાસી ભારતીય સમુદાયોને વતનપ્રેમ નિભાવતા આવડે છે, તેઓ દેશની વિકાસયાત્રાના સાજીદાર બની શકે છે.

કાર્યક્રમની શરૂઆત કેન્દ્રના ગૃહમંત્રી રાજનાથસિંહે કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતના વિકાસમાં બિન નિવાસી ભારતીયોનો પણ મોટો હિસ્સો છે. તેમણે ભારતની સંસ્કૃતિ અને વિરાસતને વિદેશમાં પહોંચાડી છે. નરેન્દ્ર મોદી જે સરકારને લીડ કરી રહ્યા છે તેના પરિણામો છ મહિનાના ટૂંકા સમયમાં જોવા મળી રહ્યા છે.

ઈન્વેસ્ટમેન્ટ ઓપર્ચ્યુનિટીઝ ઈન સ્ટેટ્સ નામના આ મુખ્ય સેમિનારમાં હાર્દમાં એવું કહી શકાય કે મોટાભાગના રાજયોએ તેમના ઔદ્યોગિક વિકાસમાં ગુજરાત મોડલનો સ્વિકાર કર્યો છે. રાજનાથસિંહે કહ્યું હતું કે આ એક કોઓપરેશન છે, કોમ્પિટિશન નથી. પ્રાદેશિક અસમાનતાને ઓછી કરવાનો પ્રયાસ છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીશે વિદેશી મહેમાનોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, હું આપ બધાનું અભિનંદન કરું છું. કોઈએ તમારા માટે બારી ખોલી, કોઈએ દરવાજો ખોલ્યો કોઈએ કમ્પ્યુટર ખોલ્યુ. અમે તમારા માટે દીલ ખોલીને બેઠા છીએ. જયારે મરજી હોય ત્યારે આવી જાવ. તમારું જ ઘર છે, જયાં આવવા માટે તમારે કોઈ મંજૂરીની જરૂર નથી. તમારું સ્વાગત થશે. તમે જાણો જ છો કે, મહારાષ્ટ્ર ભારતનું અગ્રેસર રાજય છે. જીડીપમાં અમારો ૧૫ ટકા ફાળો છે. અમે મહારાષ્ટ્રમાં એક લાખ કરોડના મૂડીરોકાણનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરી રહ્યા છીએ.

પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે કહ્યું હતું કે અમે પંજાબને ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશનમાં ટોપ ઉપર લઈ જવા માગીએ છીએ. પંજાબનો હિસ્સો ભારતના વિકાસમાં અવ્વલ છે. ભારતની જરૂરિયાતના અનાજમાં ૫૦ ટકા હિસ્સો એકલું પંજાબ પુરૂં પાડે છે. પંજાબમાં એનઆરઆઈ માટેની જે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે તેવી સુવિધાઓ દેશના તમામ રાજયોએ પૂરી પાડવી જોઈએ.

ગોવાના મુખ્યમંત્રી લક્ષ્મીકાન્ત પારસેકરે ગોવાને દેશનું કુદરતી સૌંદર્યધામ ગણાવી જણાવ્યું હતું કે કુદરતી સંપદાથી ભરપૂર ગોવા દેશના ઔદ્યોગિક વિકાસમાં શ્રેષ્ઠ યોગદાન આપવા પ્રતિબદ્ધ છે. ગોવામાં ગુણવત્તાલક્ષી જીવન ઉપરાંત ઉદ્યોગોને અનુરૂપ પોલિસી રાજયમાં ઉદ્યોગકારોને આકર્ષે છે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું હતું કે અમારા રાજયમાં મૂડીરોકાણ કરવા આતુર ઉદ્યોગોને સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ આપી છે. મોદીએ આજે ભારતવાસીઓને એક નવા આત્મવિશ્વાસથી ભરી દીધા છે. આ તબક્કે તેમણે એપ્રિલ-૨૦૧૬માં યોજાનારા કુંભમેળાના સ્થાન એવા ઉજ્જૈનમાં પધારવા વિદેશી મહેમાનોને અનુરોધ કર્યો હતો.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંન્દ્રાબાબુ નાયડુએ કહ્યું હતું કે બે રાજયો અલગ થતાં થોડું પેઈનફુલ લાગે છે પરંતુ આંધ્રના ડેવલપમેન્ટ અને બ્યુટીફિકેશન માટે અમારી સરકાર પ્રયત્નશીલ છે. અમે મૂડીરોકાણકારો માટે સિંગલ ડેક્સ ઉભું કરી રહ્યા છીએ. તેમને તમામ પ્રકારની મદદ અને માહિતી ઓનલાઈન મળી જશે.

હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે તેમના ઉદ્દબોધનમાં કહ્યું હતું કે અમારા રાજયમાં દેશ અને વિદેશના કાર ઉત્પાદકોએ મૂડીરોકાણ કર્યું છે અને કરતા રહ્યા છે. હરિયાણા સરકાર બિન નિવાસી ભારતીયોને સ્પેશ્યલ પ્રોવિઝન્સ આપવા માગે છે. આ પ્રસંગે તેમણે આગામી પ્રવાસી ભારતીય દિવસ ગુરગાંવમાં ઉજવવાની દરખાસ્ત જાહેર કરી હતી.

આ પ્રસંગે કેરાલાના મુખ્યમંત્રી ઓમન ચાંડીએ હાજરી આપી હતી અને કેરાલાના વિકાસની વિગતો આપી બિન નિવાસી ભારતીયોને એવું ઈજન કર્યું હતું કે કેરાલા એ વિકાસશીલ તેમજ ટુરિસ્ટ સ્ટેટ છે. કુદરતી સંપદાનો અહી ઉપયોગ થાય છે. અમારા રાજયમાં ઈન્વેસ્ટમેન્ટ કરો અને દેશના વિકાસમાં સહભાગી બનો.

નવનિયુક્ત ઝારખંડના મુખ્યમંત્રી રઘુબર દાસે કહ્યું હતું કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર હોવાથી રાજયો વચ્ચેની અસમાનતા ઓછી થશે. અમારા ઝારખંડમાં કુદરતી સંપદાનો ખજાનો છે જેનો પદ્ધતિસરનો ઉપયોગ કરીને અમે ભવિષ્યમાં પાવર, સ્ટીલ, આઈટી અને એજયુકેશન હબ બનવા માગીએ છીએ. રાજયના વિકાસમાં સહભાગી બનતા માગતા બિન નિવાસી ભારતીયો આવે અને સહયોગ આપે, અમે તેમને પૂર્ણ મદદ કરવા તૈયાર છીએ.

જો કે એક અલગ પેવેલિયનમાં કર્ણાટકના ઉચ્ચશિક્ષણ મંત્રી આર. વી. દેશપાંડેએ કહ્યું હતું કે ગુજરાત એ બિઝનેસ ફ્રેન્ડલી નથી. હકીકતમાં તો બિઝનેસ માટે કર્ણાટક વાયબ્રન્ટ સ્ટેટ છે, કારણ કે અમારી પાસે ટ્રાન્સપરન્સી છે. ઝડપી નિર્ણયો લેવાની ક્ષમતા છે. બિઝનેસ કરવા માટે હોમલી એટમોસ્ફિયર છે.

### પ્રતિનિધિઓ ભાગ લેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ત્રણ દિવસ ચાલનારા આ સમિટિમાં વિશ્વના ૩૫ દેશોમાંથી અંદાજે ૧૮૨૯ ડેલીગેશનો ભાગ લેનાર છે. જ્યારે ૨૯ દેશોના ૫૬ ડેલીગેટ્સો ભાગ લેનાર છે. ડેલીગેશનોમાં યુ.કે.નું ૧૬૭ સભ્યોનું ડેલીગેશન, જાપાનનું ૧૫૬ સભ્યોનું, ઓસ્ટ્રેલીયાનું ૧૧૭ સભ્યોનું, સીંગાપોરનું ૧૧૪ સભ્યોનું અને નેધરલેન્ડનું ૧૦૮ સભ્યોનું ડેલીગેશન આ સમીટમાં ભાગ લેનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સમિટમાં વિવિધ દેશોના વડાપ્રધાન, મંત્રીઓ ભાગ લેનાર છે. જેમાં ૧૫ દેશોના વિવિધ વિભાગોના મંત્રીઓ, ભૂતાન અને મેકેડોનીયાના વડાપ્રધાનો આ સમિટમાં ભાગ લેનાર છે.

પ્રાપ્ત વિગતો મુજબ ૨૬ દેશોના એમ્બેસેડરો અને ૧૩ દેશોના હાઈ કમિશનરો આ સમિટમાં ભાગ લેનાર છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઓસ્ટ્રેલિયા, ભૂતાન, કેનેડા, ડેનમાર્ક, ફીઝી ઈરાન, ઈઝરાયલ, જાપાન, મેકેડોનીયા, રશીયા, સીંગાપોર, રોમાનીયા, સાઉથ આફ્રિકા અને તાઈવાનના મંત્રીઓ વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આવનાર હોવાનું જાણવા મળે છે.

વાઈબ્રન્ટ ઈન્વેસ્ટમેન્ટ સમિટ આડે હવે માત્ર એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે આ સમિટને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે અને મહેમાનોના સ્વાગત માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.


## જાહેર નિવિદા નં.૧, ૨૦૧૪-૧૫

નાયબ વન સંરક્ષકશ્રી, તાલીમ વિભાગ, વન સંશોધન સંકુલ, 'જ' રોડ, અક્ષરધામ સામે, બોરીજ ગામ પાસે, સે.૨૦, ગાંધીનગર હસ્તકની ફોરેસ્ટ હોસ્ટેલ ખાતે આર.સી.સી. રોડની કામગીરી માટે આ કામગીરીમાં રસ ધરાવતી પાર્ટી પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. જેના કોરા ટેન્ડર ફોર્મ ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી તેઓના લેટર પેડ પર અરજી કરીને ટેન્ડર રૂ. ૫૦૦/- ફી ભર્યેથી તેના દસ્તાવેજ રજૂ કર્યેથી તા.૧૩/૧/૨૦૧૫ સુધી ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલા ટેન્ડર તા. ૨૦/૧/૨૦૧૫ના રોજ કચેરી સમય દરમિયાન સાંજે ૪-૦૦ કલાક સુધી આ કચેરીને મળી જાય તે રીતે રજીસ્ટર પોસ્ટ એડીથી સિલબંધ કવરમાં પરત મોકલી આપવાના રહેશે. આ અંગેની વધુ માહિતી કચેરીના કામકાજના દિવસો દરમિયાન સંપર્ક કરવાથી મળી રહેશે.

સહી/-
નાયબ વન સંરક્ષક
તાલીમ વિભાગ, ગાંધીનગર

માહિતી/૨૧૫૭/૨૦૧૪-૧૫